

# વિષય : પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં શિસ્ત અને વિવેકના અભાવના કારણોનો અભ્યાસ

**શ્રીમતિ બિનીતાબેન એમ. ગોહિલ**
આચાર્યશ્રી (ગ્રાન્ટેડ વિભાગ)

❖ **પધ્ધતિ : વિશ્લેષણ દ્વારા,પ્રશ્નાવલિના માધ્યમથી**

૧. **વિષયના શબ્દોનું અર્થઘટન :** વર્તમાન સમયમાં સામાજિક માપદંડોમાં આવેલાં પરિવર્તનના કારણોસર કેટલાંક વર્તનના પ્રશ્નો સમગ્રતયા પ્રસરેલાં છે, જે પૈકી શાળામાં સૌથી વિકટ અને મુશ્કેલી પૂર્ણ પ્રશ્ન છે, શાળા પરિસર, સ્ટાફ રૂમ, વર્ગખંડોમાં શિસ્ત અને વિવેકનો અભાવ, વાણી-વર્તનનો અસંયમ. દલીલબાજીના વિશેષ પ્રમાણને કારણે શિક્ષક પણ ક્યારેક ઉગ્રતા કેળવી લે છે. કેટલાંક શિક્ષકોના વર્તનથી પણ વિદ્યાર્થીઓમાં અશિસ્ત અને ગેરવર્તણૂંકના પ્રશ્નો ઉભા થઇ રહ્યા છે. વર્ગખંડોમાં ઉભી થતી અવ્યવસ્થાઓના પરિણામ સ્વરૂપ મળે છે, ઘોંઘાટિયા વર્ગખંડો જેના કારણે શાળાના શિક્ષણકાર્યની અસરકારકતામાં ધરખમ ફેરફાર જોવા મળી રહ્યો છે, અને આ પ્રશ્નોના નિવારણની તાતી જરૂરિયાત હાલ અનુભવાય રહી છે.

૨. **વિષયની પસંદગી શા માટે કરી? કેવી રીતે? :** થોડાંક જ વર્ષો પહેલાનાં વિદ્યાર્થીઓ અને હાલના વિદ્યાર્થીઓના વર્તનનું પરિવર્તન એક પડકારજનક પ્રશ્ન બનવા જઇ રહયો છે. સમાજના અને વિદ્યાર્થીઓના મૂલ્યો અને આદર્શો બદલાય રહયા છે,તેથી પસંદગી અને માપદંડો બદલાઇ રહયા છે. આવા સમયે આ પેઢીને અગર સાચો માર્ગ દર્શાવવામાં ન આવે તો અશિસ્ત અને વિવેકહીન સમાજની આશંકા સતત થઇ રહી છે. તેથી શાળામાં શિસ્તનું વાતાવરણ ઉભું કરવા માટે જ આ વિષય પસંદ કરવામાં આવ્યો, તથા તેના નિવારણ માટે કોઇક ક્રિયાત્મક અભ્યાસ દ્વારા તારણો મેળવવામાં આવ્યાં.

- **કેવી રીતે? :** ધોં. ૬ થી ૧૨ માં શિક્ષણ આપતાં શિક્ષકો સાથે વિદ્યાર્થીઓના વર્તનમાં નોંધાયેલ પરિવર્તન અંગે ખુલ્લા મનથી ચર્ચા કરી તથા પ્રશ્નાવલિના માધ્યમથી ઉદ્દ્ભવતી મુશ્કેલીઆને જાણવા પ્રયત્ન કર્યો.
- સાથે જ ધો. ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓની વર્તણૂંકનો અભ્યાસ, પૃથકકરણ, કારણોનો વિચાર કરી, તેમની શિસ્ત વિષયક વ્યાખ્યાઓ સમજવા પ્રશ્નાવલિ ભરાવવામાં આવી.

**શિક્ષક :**
**(૧) શિ–શિક્ષણ**
**(૨) ક્ષ–ક્ષમા**
**(૩) ક–કર્તવ્ય**

૩. **સંશોધન માટે કયા નમૂના પસંદ કરવામાં આવ્યા છે?**
**શિક્ષકો :** શાળાના ધો. ૬ થી ૧૨ના શિક્ષકો વિદ્યાર્થીઓ : ધો. ૯ થી ૧૨ (વિ.પ્ર.) ના વિદ્યાર્થીઓ

૪. **શાળાનું નામ : નારાયણ વિદ્યાલય, ભરૂચ માધ્યમ : ગુજરાતી ધોરણ : ૯ થી ૧૨ (વિ.પ્ર)**

૫. **સંશોધન માટે કઇ પધ્ધતિનો ઉપયોગ કર્યો : પ્રવાસ, પ્રશ્નાવલિ, જૂથ ચર્ચા**

૬. **સંશોધન પ્રકિયા કેવી રીતે કરી? પ્રકિયાનું વર્ણન :** ૪૨ વિદ્યાર્થીઓના જૂથ પર એક પ્રયોગ કરવામાં આવ્યો. વિદ્યાર્થીઓના એક જૂથને મુકત વાતાવરણ પૂરૂં પાડવામાં આવ્યું. જયારે બીજા જૂથ ઉપર કેટલીક શિસ્ત વિષયક બાબતો લાદવામાં આવી. જયારે વર્ગખંડમાં મિત્રતાપૂર્ણ વાતાવરણ સર્જી વિદ્યાર્થીઓ સાથે મુકત મને વાતચીત કર્યા બાદ શિસ્તના તેમના માપદંડો, જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો તથા ધો. ૧૦ અને ૧૨ (વિ.પ્ર.)ના વિદ્યાર્થીઓ પાસે પ્રશ્નાવલિના માધ્યમથી કેટલીક પાયાની બાબતો જાણવાનો પ્રયત્ન કર્યો.

૭. **કસોટી દ્વારા ચકાસણી :**

- પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓના એક જૂથને કોઇપણ પ્રકારની સૂચના આપ્યા વિના માત્ર તેમના પર નજર રાખવમાં આવી. જયારે બીજા ગ્રૂપને સૂચનાઓ આપી મર્યાદિત રીતે રહેવું તે સમજાવવામાં આવ્યું. સૂચના ન અપાયેલ જૂથે ગેરશિસ્ત અને ગેરવર્તણૂંકની અનેક શૃંખલાઓ ઉભી કરી જયારે સૂચિત વિદ્યાર્થીઓનું જૂથ સંયમિત જણાયું.
- **જૂથચર્ચા :** જૂથચર્ચા દરમિયાન વિદ્યાર્થીઓ સાથે વિશ્વાસ અને મિત્રતાનું વાતાવરણ ઉત્પન્ન કરવામાં આવ્યું, જેથી તમામ વિદ્યાર્થીઓ મુકતમને એમના હૃદયના ભાવ જણાવી શકે અને તેમની મુશ્કેલી,મૂંઝવણો,તેમના અરસપરસના પ્રશ્નો અને તેમની વચ્ચે અવ્યવસ્થા ફેલાવનાર વિદ્યાર્થીઓ વિશે સરળતાથી માહિતી આપે.
- ધો. ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને પ્રશ્નાવલિ આપવામાં આવી જેના માધ્યમથી શિસ્ત વિષયના તેમના ખ્યાલો સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.
- શાળાના સ્ટાફ પાસેથી પણ પ્રશ્નાવલિના માધ્યમથી શિસ્તવિષયક પ્રશ્નોની માહિતી મેળવવામાં આવી .જેનાથી શિક્ષકોના શિસ્ત અંગેના ખ્યાલો સમજવામાં મદદ મળી.